## ફોજદારી કાર્યરીતી અધિનિયમ–૧૯૭૩ ની કલમ–૧૪૪ હેઠળનું જાહેરનામુ.

નં.એમએજી/ચુંટણી/પ્રાર્થના સ્થળ/વશી.૧૬૬૭/૧૪
જિલ્લા મેજીસ્ટ્રેટ સુરતની કચેરી, બી–બ્લોક,
જિલ્લા સેવા સદન–૨, અઠવાલાઈન્સ, સુરત
તા.૦૫/૦૩/૨૦૧૪

હુ ક મ:–

ભારતના ચુંટણી આયોગ ધ્વારા લોક સભા સામાન્ય ચુંટણી–૨૦૧૪ તથા ૧૫૭–માંડવી વિધાન સભા મત વિભાગની પેટા ચુંટણીનો કાર્યક્રમ જાહેર થયેલ છે. અને તે મુજબ મતદાન તા.૩૦/૦૪/૨૦૧૪ ના રોજ રાખવામાં આવેલ છે. અગાઉની ચુંટણી દરમ્યાનના અનુભવો ધ્યાનમાં લેતાં જણાય છે કે, આ વખતની ચુંટણી દરમ્યાન પણ હિંસક બનાવો બને અથવા કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિને બગાડવાના કૃત્યો થાય તેવી શકયતા રહે છે. મુકત અને ન્યાયી ચુંટણી થાય તે માટે તેમજ ચુંટણી પ્રક્રિયા દરમ્યાન લોકોની સલામતી રહે અને કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય રહે તે જરૂરી છે.

ચુંટણી દરમ્યાન રાજકીય પક્ષો, ઉમેદવારો તથા તેમના કાર્યકરો, સમર્થકો, ચુંટણી પ્રચાર ઝુંબેશ માટે તમામ પ્રકારના સાધનો મિલકતો સ્થળોનો ઉપયોગ કરી ચૂંટણી પ્રચાર કરે છે.આવા ચૂંટણી પ્રચાર વખતે ભાષણો, પોસ્ટરો, સંગીત વિગેરે સહિત મંદીરો, મસ્જીદો, ચર્ચ, ગુરૂદ્વારા અથવા કોઈ પણ પ્રકારના પ્રાર્થના સ્થળનો ચુંટણી પ્રચાર માટે ઉપયોગ કરવામાં આવે તો કોમી સંવાદીતા ખોરવાવાની અને તંગદીલી ઉભી થવાની શકયતા રહે છે જેની સીધી અસર કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી ઉપર પડવાની શકયતા રહે છે.

ભારતનાં ચુંટણી આયોગે ધી રીલીજીયસ ઈન્સ્ટીટયુસન્સ (પ્રિવેન્શન ઓફ મીસ યુઝ) એકટ–૧૯૮૮ની જોગવાઈઓને ટાંકીને આપેલ આદેશ ક્રમાંકઃ૩/૧/૨૦૧૨/એસડીઆર, તા.૨૭/૦૭/૧૨ તથા મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી, ગુજરાત રાજયના પત્ર ક્રમાંકઃઈએલસી/૧૦૨૦૧૨–૫૪૬–છ, તા.૧૪/૦૮/૧૨ થી આપેલ સુચના મુજબ ચુંટણી સમયે ભાષણો, પોસ્ટરો, સંગીત વિગેરે સહિત મંદીરો, મસ્જીદો, ચર્ચ, ગુરૂદ્વારા અથવા કોઈ પણ પ્રકારના પ્રાર્થના સ્થળનો ચૂંટણી પ્રચાર માટે ઉપયોગ નહી કરવા માટે આદેશ કરેલ છે.

જેથી ચુંટણી પ્રક્રિયા દરમ્યાન રાજકીય પક્ષો, ઉમેદવારો તથા તેમના કાર્યકારો, સમર્થકો ધ્વારા ભાષણો, પોસ્ટરો, સંગીત વિગેરે સહિત મંદીરો, મસ્જીદો, ચર્ચ, ગુરૂદ્વારા અથવા કોઈ પણ પ્રકારના પ્રાર્થના સ્થળનો ચૂટણી પ્રચાર માટે ઉપયોગ થઈ ન શકે તે માટે સુરત જિલ્લામાં સુરત શહેર પોલીસ કમિશ્નરેટ વિસ્તાર સિવાયના સુરત(ગ્રામ્ય)ના વિસ્તારમાં સદરહુ બાબત ઉપર પ્રતિબંધ મુકવાનું મને જરૂરી જણાય છે.

આથી હું પ્રકાશ એન. મકવાણા (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરત ફોજદારી કાર્યરીતી અધિનિયમ–૧૯૭૩ ની કલમ–૧૪૪ થી મને મળેલ સત્તાની રૂએ હુકમ કરૂ છું કે,

સુરત જિલ્લાના સુરત શહેર પોલીસ કમિશ્નરેટના વિસ્તાર સિવાયના સુરત (ગ્રામ્ય)ના વિસ્તારમાં કોઈપણ રાજકીય પક્ષો, ઉમેદવારો તથા તેમના કાર્યકરો, સમર્થકોએ ચૂંટણી પ્રકિયા દરમ્યાન ભાષણો, પોસ્ટરો, સંગીત વગેરે સહીત, મંદીરો, મસ્જીદો, ચર્ચ, ગુરૂદ્વારા જેવા ધાર્મિક સ્થળો/સંસ્થાઓ અથવા કોઈ પણ પ્રકારના પ્રાર્થના સ્થળોનો ચૂંટણી પ્રચાર માટે ઉપયોગ કરવો નહી.

આ હુકમનો ભંગ કર્યેથી ભારતીય દંડ સંહિતાની કલમ–૧૮૮ હેઠળ કસૂરવાર સામે પગલા લેવા કાર્યવાહી કરવામાં આવશે.

આ હુકમ તા.૨૮/૦૫/૨૦૧૪ સુધી અમલમાં રહેશે.

આજ રોજ તા.૦૫/૦૩/૨૦૧૪ ના રોજ મારી સહી સીકકા કરી આપેલ છે.

ADDITIONAL DISTRICT MAGISTRATE

(પ્રકાશ એન. મકવાણા)
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
સુરત

**નકલ જયભારત સહ રવાના–**

૧. નોડલ અધિકારીશ્રીઓ તમામ
૨. ચુંટણી અધિકારીશ્રી/મદદનીશ ચુંટણી અધિકારીશ્રી/... ઓફીસરશ્રી સુરત જીલ્લા તમામ તરફ.
૩. પોલીસ અધિક્ષકશ્રી,સુરત (ગ્રામ્ય) તરફ જાણવા તથા અમલ થવા સારૂ.(૨૦–નકલ)
૪. જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત, સુરત તરફ.
૫. સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, સીટી પ્રાંત/ઓલપાડ પ્રાંત/બારડોલી પ્રાંત/માંડવી પ્રાંત/કામરેજ પ્રાંત, જિ.સુરત.
૬. વિભાગીય પોલીસ અધિકારીશ્રીઓ/પોલીસ ઈન્સપેકટરશ્રીઓ/પોલીસ સબ ઈન્સપેકટરશ્રીઓ તમામ તરફ.
૭. મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રીઓ તમામ તરફ જાણવા–વ–અમલ થવા સારૂ.
૮. તાલુકા વિકાસ અધિકારીશ્રીઓ તમામ/મુખ્ય અધિકારીશ્રી, નગર પાલિકા, તમામ તરફ
૯. ચીફ ઓફીસરશ્રી બારડોલી/માંડવી/કનકપુર–કનસાડ/તરસાડી નગર પાલીકા તરફ.
૧૦. પ્રિન્સીપલ ડીસ્ટ્રીકટ જડજશ્રી, સુરત તરફ.
૧૧. પોલીસ કમિશ્નરશ્રી, સુરત શહેર, સુરત તરફ.
૧૨. માહીતી નિયામકશ્રી, માહીતી ખાતું, સુરત તરફ.
૨/– હુકમની ૧૦– નકલો સાથે દૈનિક વર્તમાનપત્રોમાં સમાચાર રૂપે બહોળી પ્રસિધ્ધી આપવા સારૂ.
૧૩. મેનેજરશ્રી, સરકારી મુદ્રણાલય, વડોદરા તરફ જાહેરનામું ગેઝેટમાં પ્રસિધ્ધ કરવા સારૂ.
૧૪. કચેરી મજકૂરની ચુંટણી શાખા/વહીવટ શાખા અને ગ્રામ પંચાયત ઈલેકશન શાખા, કલેકટર કચેરી, સુરત તરફ

**નકલ સવિનય રવાના–**

૧. અધિક સચિવશ્રી,ગૃહ વિભાગ,ગુજરાત રાજય,સચિવાલય, ગાંધીનગર તરફ જાણ સારૂ તથા મંજુરી આપવા સારૂ
૨. મુખ્ય ચુંટણી અધિકારીશ્રી, સામાન્ય વહીવટ વિભાગ, નવા સચિવાલય, ગાંધીનગર તરફ.